# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદ જિલ્લામાં આગામી 5 દિવસ વરસાદની સંભાવના નહિવત, આકાશ વાદળછાયું રહેશે પણ તાપમાન 40**

# ચરોતરમાં વાદળછાંયા વાતાવરણ વચ્ચે વાવણીમાં ઉતાવળ ન કરવા ખેડૂતોને સલાહ

**ડાંગરનું ધરૂવાડિયું** તૈયાર કરવા અને પશુઓના રસીકરણ માટે અનુકૂળ સમય હોવાની ભલામણ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

ભારત મૌસમ વિભાગ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલા હવામાન બુલેટિન મુજબ, આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ એટલે કે ૧૭મી જૂન દરમિયાન આકાશ મુખ્યત્વે વાદળછાયું રહેવાની સંભાવના છે. જોકે, આ સમયગાળામાં વાવણી લાયક વરસાદની શક્યતા નહિવત હોવાથી ખેડૂતોને વરસાદ આધારિત વાવણી હાલ પૂરતી ટાળવા ખાસ વિનંતી કરવામાં આવી છે.

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં આગામી પાંચ દિવસમાં મહત્તમ તાપમાન ૩૯થી ૪૦ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૮ થી ૨૯ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૦ થી ૭૫ ટકા અને પવનની ગતિ ૧૬ થી ૨૪ કિમી/કલાક રહેવાની આગાહી છે, જેમાં પવનની દિશા મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમ તરફ રહેશે.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ચોમાસુ બાજરી, મગ, અડદ અને તુવેર જેવા પાકો માટે સુધારેલી જાતોનું બિયારણ,



ખાતર અને દવાનો પુરવઠો સમયસર મેળવી લેવા સૂચના અપાઈ છે. ખેતીમાં નવી રોપણી માટે ખાડા તૈયાર કરી ઉનાળામાં તપવા દેવા અને કલમો રોપતા પહેલા ખાડામાં જરૂરી ઘન જીવામૃત ઉમેરવા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સલાહ આપવામાં આવી છે.

હવામાન વિભાગે ખેડૂતોને ખાસ તાકીદ કરી છે કે, આગામી 5 દિવસ વરસાદની સંભાવના નહિવત હોવાથી વાવણીમાં ઉતાવળ ન કરવી. આ ઉપરાંત ચોમાસાની શરૂઆતમાં પશુઓમાં ગળસુંઢો, ગાંઠિયો તાવ અને ખરવા-મોવાસા જેવા રોગો સામે સમયસર રસી મુકાવવી જરૂરી છે.

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લો ખેતીપ્રધાન પ્રદેશ છે. ચોમાસાની શરૂઆત સાથે વાવેતર શરૂ થાય છે. પરંતુ આ વખતે વરસાદના બદલે સિંચાઈ પર આધાર રાખવો પડે તેવી પરિસ્થિતિ સર્જાઇ છે.

### ખેતીવાડી માટે મહત્વની સલાહ

- **ડાંગરની ખેતી:** પહેલીથી ૧૫મી જૂન સુધીનો સમય ડાંગરનું ધરૂવાડિયું તૈયાર કરવા માટે શ્રેષ્ઠ છે. ખેડૂતોને ભલામણ કરેલી જાતો જેવી કે જીઆર-૫, ૮, ૧૭ અને મહીસાગર વગેરેનું પસંદગી કરી ધરૂવાડિયું તૈયાર કરવું.
- **કપાસ:** જે ખેડૂતો પાસે પિયતની સુવિધા હોય તેઓ મે મહિનાના અંતથી જૂન મહિના સુધીમાં કપાસનું આગોતરું વાવેતર કરી શકે છે. વરસાદ આધારિત વાવેતર માટે જુલાઈના બીજા અઠવાડિયા સુધી રાહ જોવી હિતાવહ છે.
- **બાગાયતી પાકો:** વધુ ઝડપી પવન સામે રક્ષણ મેળવવા શાકભાજી અને ફળ પાકોને લાકડા કે વાંસનો ટેકો આપવો.

**થાઈલેન્ડ-લાઓસમાં ફસાયેલી બન્ને બહેનને પરત લાવવામાં આવી**

# બોરસદની બે બહેનો હ્યુમન ટ્રાફિકિંગના ચુંગાલમાં ફસાઈ

સાંસદના પ્રયાસોથી બંને બહેનો સુરક્ષિત રીતે વતન પરત ફરી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

આણંદ જિલ્લાના બોરસદની બે સગી બહેનો, જેઓ થાઈલેન્ડથી લાઓસ સુધી ફેલાયેલા હ્યુમન ટ્રાફિકિંગના ખતરનાક ચંગુલમાં ફસાઈ હતી, તેમને 'ઓપરેશન મહીસાગર 2.0' અંતર્ગત સફળતાપૂર્વક મુક્ત કરાવી સુરક્ષિત રીતે વતન પરત લાવવામાં આવી છે. ભારત સરકાર, વિદેશ મંત્રાલય અને આણંદના સાંસદના સતત સંકલન અને અથાગ પ્રયત્નોને કારણે આ જટિલ રેસ્ક્યુ ઓપરેશન સફળ રહ્યું છે.



બોરસદની બે બહેનો વિદેશમાં હ્યુમન ટ્રાફિકિંગનો ભોગ બની હતી. જેમને છોડાવવા માટે ભારત સરકાર અને વિદેશ મંત્રાલય દ્વારા ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં ભારતીય દૂતાવાસ તેમજ સ્થાનિક એજન્સીઓના સંયુક્ત પ્રયાસોથી બંને બહેનો સુધી પહોંચવામાં અને તેમને સુરક્ષિત રીતે આઝાદ કરવામાં સફળતા મળી હતી.

આ સફળ ઓપરેશન બાદ આણંદના સાંસદ મિતેષભાઈ પટેલે બંને બહેનોના નિવાસસ્થાને રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે પરિવારજનો સાથે વાતચીત કરી બહેનોની સુખાકારી અંગેની વિગતો મેળવી હતી. લાંબા સમયના માનસિક તણાવ અને મુશ્કેલીઓ બાદ પોતાની દીકરીઓને હેમખેમ પાછી મેળવતા પરિવારજનોમાં હર્ષ અને અપાર રાહતનો માહોલ જોવા મળ્યો હતો. સતત સંકલન અને વહીવટી તંત્રની સમયસૂચકતાને કારણે આ ઓપરેશન પાર પાડી શકાયું છે, જેણે માનવ તસ્કરીના નેટવર્ક સામે ભારત સરકારની મક્કમતાનો પુરાવો આપ્યો છે.

# આણંદ : પરિણીતાને ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકી

**ખોટો વહેમ રાખી** મારઝૂડ કરી, પતિ સહિત ત્રણ સામે ફરિયાદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

ઠાસરાની મદની સોસાયટીમાં રહેતી એક પરણિતાને તેના આણંદ સ્થિત સાસરિયાઓએ શારીરિક અને માનસિક ત્રાસ આપી, પહેરેલે કપડે ઘરમાંથી કાઢી મૂક્યાની ઘટના સામે આવી છે.

મળતી માહિતી મુજબ, ઠાસરાની રોજીનાબેનના લગ્ન વર્ષ ૨૦૧૮માં આણંદના મુસ્તકીમ ફારૂકભાઈ વ્હોરા સાથે થયા હતા. લગ્નના શરૂઆતના બે વર્ષ બાદ પતિ મુસ્તકીમ ખોટો શક રાખી ઝઘડા કરવા લાગ્યો હતો. આ દરમિયાન સાસુ રસીદાબેન અને સસરા ફારૂકભાઈ પણ ઘરકામ મુદ્દે મેણાં મારી પતિને ચઢામણી કરતા હતા, જેના કારણે રોજીનાબેનને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. સાસરિયાઓ તેમને પિયર પણ જવા દેતા ન હતા.

દરમિયાનમાં નવેક મહિના પહેલા પતિ પત્નીને જાણ કર્યા વગર મુંબઈ જતો રહ્યો હતો. પરત આવ્યા બાદ પત્નીએ ઘર અને દીકરા પ્રત્યે ધ્યાન આપવાનું કહેતા પતિ ઉશ્કેરાઈ ગયો હતો. સાસુ-સસરાની ઉશ્કેરણીથી ત્રણેય જણાએ ભેગા મળી 8મી ઓગસ્ટ 2025ના રોજ રોજીનાબેનને મારઝૂડ કરી ઘરમાંથી કાઢી મૂકી હતી. લાંબા સમય સુધી સાસરિયાઓ તેડવા ન આવતા આખરે રોજીનાબેને પતિ મુસ્તકીમ, સસરા ફારૂકભાઈ અને સાસુ રસીદાબેન વિરુદ્ધ બીએનએસ (BNS) ની વિવિધ કલમો હેઠળ ઠાસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

**માતર ધારાસભ્યના 'ગઢ'માં જ કાયદો-વ્યવસ્થાના ધજાગરા, સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ**

# ભલાડા ગામમાં ૨૪ કલાકમાં દારૂ અને પોષ ડોડાનો જથ્થો પકડાયો

**માતરના ધારાસભ્ય** કલ્પેશ પરમારના હોમટાઉનમાં ચાલતા કાળા કારોબારથી ભાજપની આબરૂનું ધોવાણ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

ખેડા જિલ્લાના માતર વિધાનસભા મતવિસ્તારમાં આવેલા ભલાડા ગામમાં અસામાજિક તત્વોને જાણે કાયદાનો કોઈ ડર જ ન રહ્યો હોય તેવી ગંભીર સ્થિતિ નિર્માણ પામી છે. આ ગામ ખુદ સ્થાનિક ધારાસભ્ય કલ્પેશ પરમારનું વતન છે, છતાં અહીં માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં લાખો રૂપિયાનો વિદેશી દારૂ અને માદક પદાર્થોનો જથ્થો ઝડપાતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. ધારાસભ્યના પોતાના ગામમાં જ ચાલતા આ ગોરખધંધાને કારણે સત્તાધારી પક્ષની છબી ખરડાઈ રહી છે અને સામાન્ય જનતાની સુરક્ષા સામે મોટા પ્રશ્નાર્થો સર્જાયા છે.

ભલાડા ગામમાં આટલા મોટા પાયે દારૂ અને પોષ ડોડાનો વેપલો કોઈ સામાન્ય બાબત નથી. જિલ્લાની સ્પેશિયલ એજન્સીઓ જેવી કે એસઓજી અને એલસીબીએ દરોડા પાડીને આ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જ્યારે લીંબાસી પોલીસ મથકની હદમાં ચાલતી આ પ્રવૃત્તિઓ અંગે સ્થાનિક પોલીસ અજાણ રહી હોય તે વાત ગળે ઉતરતી નથી. લોકોમાં એવી ચર્ચા છે કે તંત્રની રહેમનજર વિના આવા નાના ગામમાં આટલો મોટો કારોબાર શક્ય જ નથી.

ધારાસભ્ય કલ્પેશ પરમારના હોમટાઉનમાં જ કાયદો-વ્યવસ્થા ખાડે ગઈ હોવાથી તેમની કામગીરી સામે સીધા સવાલો ઉઠી રહ્યા છે.

### એસઓજીની ટીમે પોષડોડાનો જથ્થો ઝડપ્યો

સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે ભલાડા ગામના મોરવાસીયા વિસ્તારમાં મણીલાલ ગોરધનભાઈ પરમારના મકાનમાં દરોડો પાડી ૧૨.૨૪૦ કિલોગ્રામ વનસ્પતિજન્ય પોષડોડા ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીના ઘરેથી પોષડોડા અને રોકડ મળી કુલ રૂ. ૨,૧૧,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસમાં આ જથ્થો આણંદ જિલ્લાના ભેટાસી ગામે રહેતા લાલજીભાઈ ચૌહાણે આપ્યો હોવાનું ખુલ્યું છે.

### એલસીબી ખેતરમાં સંતાડેલો દારૂનો જથ્થો પકડ્યો

એલસીબીની ટીમે ભલાડાના મોતીપુરા વિસ્તારમાં અજીત ઉર્ફે દૂધી રમેશભાઈ પરમારના ખેતરમાં છાપો માર્યો હતો. આરોપીએ ખેતરના ખાડામાં અને પાણીની પાઈપ લાઈનની કુંડીમાં ઘાસચારા નીચે અત્યંત સિફતપૂર્વક સંતાડેલી વિદેશી દારૂની ૨૨૮ બોટલ અને ૭૬૮ બીયરના ટીન કબજે કર્યા હતા. આશરે રૂ. ૪,૬૨,૧૩૨ની કિંમતનો કુલ ૯૯૬ બોટલ દારૂનો જથ્થો જપ્ત કરી પોલીસે ગુનો નોંધ્યો છે.

# આણંદમાં ડિવાઈડર સાથે ટુ વ્હીલર અથડાતાં વૃદ્ધનું મોત

**નડિયાદના વૃદ્ધ** ખંભોળજ દુકાને જવા નીકળ્યાં હતાં

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે પર રાવળાપુરા બ્રીજ ઉતરતા શુક્રવારે સવારે નડિયાદના એક ૭૧ વર્ષીય વૃદ્ધે પોતાના ટુ-વ્હીલર પરથી કાબુ ગુમાવી દેતા ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાયું હતું. આ ગંભીર અકસ્માતમાં વૃદ્ધનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

નડિયાદની વિજયાલક્ષ્મી સોસાયટીમાં રહેતા પ્રહલાદભાઈ ગોરધનભાઈ શાહ (ઉ.વ. ૭૧) ખંભોળજ મુકામે આવેલી 'સત્યનારાયણ વાસણ ભંડાર' નામની દુકાનમાં ઈલેક્ટ્રિકલ રિપેરિંગનું કામ કરતા હતા. તેઓ દરરોજની જેમ પોતાના ટુ વ્હીલર પર નડિયાદથી ખંભોળજ કામે જવા નીકળ્યા હતા. તારીખ ૧૨મીના રોજ સવારે તેઓ હાઈવે પરથી પસાર થઇ રહ્યા હતા, ત્યારે રાવળાપુરા બ્રીજ ઉતરતા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માત એટલો જોરદાર હતો કે પ્રહલાદભાઈ રોડ પર પટકાતાં માથામાંથી ભારે રક્તસ્ત્રાવ થવાને કારણે તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. આ ઘટનાની જાણ થતા જ ૧૧૨ પીસીઆર વાન પહોંચી હતી. હાઈવેની એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના અંગે મૃતકના પુત્ર શુભમકુમાર શાહની ફરિયાદના આધારે આણંદ રૂરલ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**કપડાં અને દાણા માંગવાના બહાને આવી વૃદ્ધાને ફસાવ્યાં**

# રઢુમાં વૃદ્ધાના 5 લાખના દાગીના ચોરનારાં બે મહિલા પકડાયાં

**ખેડા એલસીબીએ 20** સીસીટીવી કેમેરા અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી ગાંધીનગરની બે મહિલાને પકડી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

ખેડા જિલ્લાના રઢુ ગામે ધોળા દિવસે બનેલી ચોરીની સનસનાટીભરી ઘટનાનો ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો છે. દાણા અને કપડાં માંગવાના બહાને એક 65 વર્ષીય વૃદ્ધાના ઘરમાં ઘૂસીને 5 લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરનાર ગાંધીનગર જિલ્લાની બે મહિલાઓને પોલીસે તમામ મુદ્દામાલ સાથે હલધરવાસ ચોકડી પાસેથી દબોચી લીધી છે.

ખેડાના રઢુ ગામે પ્રાથમિક શાળા પાસેના ફળિયામાં રહેતા એક વૃદ્ધા જ્યારે ઘરે એકલા હતા, ત્યારે બે અજાણી મહિલાઓએ કપડાં અને દાણા માંગવાના બહાને આવી તેમને વાતોમાં ફસાવ્યા હતા. વૃદ્ધાનું ધ્યાન ભટકાવી આ મહિલાઓએ ઘરની ઓસરીની જાળી અને બેઠક રૂમના નકૂચા તોડી તિજોરીમાંથી અંદાજે 31.300 ગ્રામ સોનાના દાગીના (બે બંગડી, કાનના કાપ અને બે વીંટી) ચોરી લીધા હતા, જેની બજાર કિંમત આશરે 5,00,000 થાય છે.

આ ચોરીની જાણ થતાં જ એલસીબીની ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. બનાવ સ્થળની આસપાસના અંદાજે 20 જેટલા સીસીટીવી કેમેરા તપાસતા બે શંકાસ્પદ મહિલાઓની હિલચાલ નજરે પડી હતી. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે બાતમી મેળવી કે આ ચોરીમાં ગાંધીનગરના બહિયલ ગામની મધુબેન બાબુભાઈ વાદી (56) અને ગીતાબેન વિક્રમભાઈ વાદી (43) સામેલ છે. પોલીસે હલધરવાસ ચોકડી પાસે રિક્ષા સ્ટેન્ડ પર વોચ ગોઠવી આ બંને મહિલાઓની અટકાયત કરી હતી. તેમની તલાશી લેતા ચોરી થયેલો 100 ટકા મુદ્દામાલ મળી આવ્યો હતો. હાલમાં પોલીસે બંને આરોપી મહિલાઓને કાયદેસરની કાર્યવાહી માટે કઠલાલ પોલીસ સ્ટેશનના હવાલે કરી છે.

### રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશરાય નારાયણ સિંઘે સ્વામી સચ્ચિદાનંદજીના આશીર્વાદ લીધા





પેટલાદના દંતાલી સ્થિત ભક્તિ નિકેતન ખાતે રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશરાય નારાયણ સિંઘ આવી પહોંચ્યા હતા. તેઓએ સ્વામી સચ્ચિદાનંદની શુભેચ્છા મુલાકાત કરી ખબર અંતર પુછ્યા હતા. રાજ્યસભાના ઉપાધ્યક્ષે સ્વામીજી સાથે વિચાર વિમર્શ કરી આશિર્વાદ મેળવ્યા હતા. રાજ્યસભાના ઉપસભાપતિ સાથે રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા (ભગત) તથા ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિ લવજીભાઈ ડાલીયા (બાદશાહ), રાજ્ય સરકારના મંત્રી કમલેશભાઈ પટેલ વગેરે પણ પધાર્યા હતા. જેઓએ પણ આ શુભેચ્છા મુલાકાત થકી સ્વામીજી સાથે સત્સંગનો લાભ લઇને આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા. - **તસવીર : વિનાયક આણંદજીવાલા**

**આણંદ જીલ્લા પંચાયતની બાંધકામ શાખા હેરાન પરેશાન**

# આણંદમાં પ્રેસા સોફ્ટવેરમાં ધાંધીયાથી કામગીરી ટલ્લે ચઢી

**જીલ્લા -તાલુકા** કક્ષાએ અનેક મહત્વપૂર્ણ કામગીરી અટવાઈ જતાં કર્મચારીઓ પરેશાન

(પ્રતિનિધિ) આણંદ તા ૧૩

આણંદ જીલ્લા પંચાયતની બાંધકામ શાખા દ્વારા સમગ્ર જીલ્લામાં કર્મચારીઓના પગારબિલ, કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારીઓના બિલ તેમજ અન્ય નાણાકીય પ્રક્રિયાઓ પ્રેસા સોફ્ટવેર મારફતે ઓનલાઈન કરવામાં આવે છે. પરંતુ જ્યારે કર્મચારીઓ કામગીરી માટે સોફ્ટવેરમાં લોગ ઈન કરે છે ત્યારે વારંવાર એરર આવતાં જરૂરી માહિતી અપલોડકે પ્રક્રિયા પૂર્ણ કરી શકાતી નથી. જેથી અનેક કામગીરી અટકી પડી છે.

સરકારી સ્ટાફ અને આઉટ સોર્સ કર્મચારીઓને સમયસર પગાર સહિતના નાણાં ચુકવણી કરવામાં મુશ્કેલીઓ ઊભી થવાની ભીતિ સેવાઈ રહી છે. કામગીરી માટે વારંવાર પ્રયાસ કરવા છતાં સિસ્ટમ યોગ્ય રીતે કાર્ય કરતી ન હોવાથી કર્મચારીઓનો સમય પણ વ્યર્થ જઈ રહ્યો છે. આણંદ જિલ્લામાં બાંધકામ શાખાની વિવિધ વહીવટી અને નાણાકીય કામગીરી માટે ઉપયોગમાં લેવાતું પ્રેસા સોફ્ટવેર છેલ્લા કેટલાક સમયથી વારંવાર એરર દર્શાવતાં કર્મચારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સોફ્ટવેરમાં સર્જાતી ટેકનિકલ ખામીઓને કારણે અનેક મહત્વપૂર્ણ કામગીરી અટવાઈ જતાં કર્મચારીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

સોફ્ટવેરની આ સમસ્યાને કારણે બિલોની પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો છે. પરિણામે કોન્ટ્રક્ટરના કામોના બિલ, કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારીઓએ જણાવ્યું હતું કે પ્રેસા સોફ્ટવેરમાં સતત આવતી ટેકનિકલ ખામીઓનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવે તો રોજિંદી કામગીરી સરળ બની શકે. સંબંધિત વિભાગ દ્વારા આ સમસ્યાને ગંભીરતાથી લઈને વહેલી તકે ઉકેલ લાવે તેવી કર્મચારીઓમાં પણ માંગ ઉઠી છે.

# ઠાસરામાં રસ્તામાં ઉભી રાખેલી એમ્બ્યુલન્સમાં જ ગુંજી કિલકારી

**ખેડામાં ૧૦૮ના** કર્મચારીઓએ જોખમી હાલતમાં માતા-બાળકનો જીવ બચાવ્યો

(પ્રતિનિધિ) ઠાસરા તા.૧૩

ઠાસરાના કોસમ ગામે સગર્ભાને અસહ્ય પીડા ઉપડતા ૧૦૮ બોલાવાઈ હતી, 'બ્રીચ ડિલિવરી'ના જટિલ કિસ્સામાં એમ્બ્યુલન્સ સ્ટાફે ડોક્ટરના માર્ગદર્શન હેઠળ સફળ સુવાવડ કરાવી માનવતા મહેકાવી હતી. કોસમ ગામે ૧૦૮ ઈમરજન્સી સેવાના સ્ટાફની સમયસૂચકતા અને ઉત્કૃષ્ટ કામગીરીને કારણે એક અતિ જોખમી સુવાવડ એમ્બ્યુલન્સમાં જ સફળતાપૂર્વક પાર પડી છે. જ્યારે હોસ્પિટલ પહોંચવાનો સમય નહોતો અને પ્રસૂતાની હાલત ગંભીર હતી, ત્યારે ૧૦૮ના કર્મીઓએ પોતાની તાલીમ અને સૂઝબૂઝથી માતા અને બાળક બંનેને નવજીવન આપ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર, કોસમ ગામના ભાથીજી ફળીયા વિસ્તારમાં રહેતા એક મહિલાને અચાનક પ્રસૂતિની અસહ્ય પીડા ઉપડતા પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક કર્યો હતો. કોલ મળતાની સાથે જ ઠાસરા ૧૦૮ના EMT અલ્પેશ પરમાર અને પાયલોટ મોહનભાઈ વિના વિલંબે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મહિલાની સ્થિતિ અત્યંત નાજુક હોવાથી તેમને હોસ્પિટલ લઈ જવા માટે એમ્બ્યુલન્સમાં બેસાડવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં જ પીડા વધી જતાં એમ્બ્યુલન્સને સુરક્ષિત જગ્યાએ ઉભી રાખવી પડી હતી.

ઈએમટી અલ્પેશ પરમારે તપાસ કરતા માલુમ પડ્યું કે આ એક 'બ્રીચ ડિલિવરી' (બાળક ઊંધું હોવું) નો અત્યંત જોખમી કિસ્સો હતો. આવી સ્થિતિમાં સહેજ પણ બેદરકારી માતા અને બાળક માટે જીવલેણ સાબિત થઈ શકે તેમ હતી. કટોકટીની આ પળે ૧૦૮ના સ્ટાફે ગભરાયા વગર ERCP સેન્ટર પર ડો.મયુરનો સંપર્ક કરી જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું. ડોક્ટરની સૂચનાઓ અને પોતાની તાલીમનો ઉપયોગ કરી ઈએમટી અને પાયલોટે એમ્બ્યુલન્સમાં જ સફળ ડિલિવરી કરાવી હતી. આ સફળ પ્રયાસને અંતે એમ્બ્યુલન્સમાં જ બાળકની કિલકારી ગુંજી ઉઠી હતી.

સફળ ડિલિવરી બાદ માતા અને નવજાત શિશુને વધુ સારવાર માટે ડાકોરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. હાલમાં માતા અને બાળક બંને તંદુરસ્ત છે. ૧૦૮ની ટીમની આ ઉમદા કામગીરીની નોંધ લઈ ખેડા જિલ્લાના અધિકારી સુશીલ પટેલ અને પ્રોગ્રામ મેનેજર મહેન્દ્રસિંહ ચૌહાણે સ્ટાફને બિરદાવ્યા હતા. સમયસર મળેલી આ મદદ



ગામલોકો અને પરિવાર માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225